* H A J - 0 0 1 - 0 0 1 6 2 7 *

**HAJ-001-001627** Seat No. ________

**B. A. (Sem. VI) (CBCS) Examination**

**June / July – 2017**

**Gujarati : Paper - 22**

**(અપઠિત : કાવ્યનો આસ્વાદ, ગદ્યખંડનું વિવરણ, નિબંધો)**

**Faculty Code : 001**
**Subject Code : 001627**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નના સરખા ગુણ છે.
(૩) પ્રશ્નોના ઉત્તરો માંગ્યા પ્રમાણે આપવા.

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

દુનિયા અમારી

દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ !
પણ કલરવની દુનિયા અમારી !
વાટે રખડ્યાની મોજ છીનવી લીધી
ને તોય પગરવની દુનિયા અમારી !
કલબલતો થાય જ્યાં પહેલો તે પ્હોર
બંધ પોપચાંમાં રંગોની ભાત
લોચનની સરહદથી છટકીને રણઝણતું
રૂપ લઈ રસળે શી રાત !
લહેકાએ-લહેકાએ મહોરતા અવાજના
વૈભવની દુનિયા અમારી !
ફૂલોના રંગ રિસાઈ ગયા, જાળવતી
નાતો આ સામટી સુગંધ,
સમાસમાના દઈ સંદેશો લ્હેરખી
અડક્યાનો સાચવે સંબંધ !
ટેરવાંને તાજી કૈં ફૂટી તે નજરુંના
અનુભવની દુનિયા અમારી !

**- ભાનુપ્રસાદ પંડ્યા**

અથવા

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

વિદાય

કદી નહિ કહું, ''મને જ સ્મરણે સદા રાખજે,
અને નયનપંથનું અવર વિશ્વ તું ત્યાગજે.''
પરંતુ ગગનાંગણે, અવનિમાં અને સિંધુમાં
મળે અધિક જે તને મુજ થકી, ઉરે થાપજે.

પરસ્પર કરી કથા રજનિ ને દિનો ગાળિયાં,
અનેક જગતો રચી સ્વપનમાં, વળી ભાંગિયાં;
કઠોર થઈને કદીક તુજ આંસુ જોયા કર્યાં,
કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં.

મળે અધિક ઊજળા દિન અને મીઠી રાતડી,
જજે સકલ તો ભૂલી રજનિ ને દિનો આપણાં,
રચે સ્વપન ભવ્ય કો જગતનું બીજા સાથમાં,
ભલે વીસરજે પછી જગત આપણે જે ઘડ્યાં.

છતાંય સ્મરણે ચડી વિપળ એક જો હું લઉં,
ઉદાર તવ ઉરની પ્રથમથી ક્ષમા તો ચહું.

**- પ્રહ્લાદ પારેખ**

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

''કૃતિમાં તમારા વ્યક્તિત્વની છાપ જેમ ઓછી રહે એમ તમારી કલા વધારે વિજયી, ક્ષણિક પ્રસંગ ભલે આલેખો. તુચ્છ મનાતા વિષય પર પણ ભલે લખો, પરંતુ પેલું ખાબોચિયું ગગનનું પ્રતિબિંબ બની રહે છે, એ જ કલ્પના કીમિયાનો ખરો આદર્શ છે. તુચ્છ, લઘુ, ક્ષણિક કે ક્ષણિકના નિરૂપણમાં, અનંતતા અને અજબતા સાથે સાથે જુએ - બતાવે તે જ કલ્પનાનેત્ર, ક્ષરને અક્ષર કરે, અણુને મહાન કરે, આ કાને પેસી બીજા કાને નીકળી જવાની પ્રકૃતિવાળા શબ્દઝૂમખાને મગજમાં ચોંટાડી દે, સ્વપ્નમાં પણ તેનું રટણ કરાવે, તે જ કલાનો વિજય અને કવિતાની સિદ્ધિ છે. નવું, સંગીન અને બિનંગત ઉપજાવે તે તે સાહજિક સૌંદર્ય સેવક જ કવિ.''

**- બ. ક. ઠાકોર**

અથવા

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

પ્રતીક એ વાચકને ગૂંચવવા કોઈ બુદ્ધિશાળીએ રચેલો કોયડો નથી. અલબત્ત, અકવિઓ એનો એવો ઉપયોગ કરે છે. પ્રતીક સાચા અર્થમાં, કવિના અનુભવજગત સુધી પહોંચવા માટેના દ્વારની ગરજ સારે છે. પ્રતીક કવિને ઘણીવાર તેની પોતાની ચેતનાના વિસ્તારમાંથી મળે છે, તો કોઈ વાર સાહિત્ય અને સંસ્કૃતિના વારસામાંથી સાંપડે છે. પ્રત્યેક પ્રતીક પાછળ પણ સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક પ્રણાલિકા રહેલી છે. પ્રતીક આખરે કવિતા માટે છે; કવિતા પ્રતીક માટે નથી. જેને શોધવા નીકળવું પડે એ પ્રતીક નથી. જે આપમેળે ઊગી નીકળે તે પ્રતીક છે.

- **હરીન્દ્ર દવે**

૩ ''નવી પેઢીના પ્રશ્નો'' વિશે નિબંધ લખો. ૧૪

**અથવા**

૩ ''સાંપ્રત શિક્ષણની સમસ્યા'' વિશે નિબંધ લખો. ૧૪

૪ ''સાહિત્ય અને જીવન'' વિશે નિબંધ લખો. ૧૪

**અથવા**

૪ ''સાહિત્ય અને ધર્મ'' વિશે નિબંધ લખો. ૧૪

૫ નીચેના ચારમાંથી કોઈ પણ **બે** ટૂંકનોંધ લખો : ૧૪

(૧) આજના યુગમાં શ્રાવ્ય માધ્યમોનું મહત્ત્વ

(૨) દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોના લાભ

(૩) જીવનમાં કલાનું મહત્ત્વ

(૪) સમાજ ઘડતરમાં સાહિત્યનું સ્થાન.